GJKT020007842026

| | | |
|---|---|---|
| આંક | : | ૯/બી |
| દાખલ તારીખ | : | ૨૨/૧/૨૦૨૬ |
| રજી.લીધા તારીખ | : | ૨૨/૧/૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૨૦/૭/૨૦૨૬ |

| | | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|---|
| સમય | : | ૦ | ૫ | ૨૯ |

<u>(નમુનો:-અ)</u>

| |
|---|
| **નામ.શ્રી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભુજ-કચ્છ** |
| **<u>(એમ.એમ.કુરેશી)</u>**<br>ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ |

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ |
| ફોજદારી કેસ નં. | : | ૫૪૭/૨૦૨૬ |
| એફ.આઈ.આર.નં. | : | મહીલા પો.સ્ટે., ભુજ પાર્ટ એ ગુ.ર.નં.૦૦૧૮/૨૫ |
| ગુનો | : | બી.એન.એસ.કલમ ૮૫, ૧૧૫(૨) |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | શ્રી સરકાર |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | : | શ્રી આર.આર.પ્રજાપતિ |
| આરોપી | : | સુલતાન આદમભાઇ માંજોઠી,<br>રહે. ડી.પી.ચોક, કેમ્પ એરીયા,<br>મુસ્તફા દુધ કેન્દ્રની બાજુમાં, ભુજ |
| આરોપીના વકીલશ્રી | : | શ્રી એમ.એમ.કુરેશી |

<u>(નમુનો:-બ)</u>

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | તા.૨૮/૧૧/૨૨ થી ૪/૯/૨૫ |
| ફરીયાદની તારીખ | : | તા.૨૭/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | : | તા.૨૨/૧/૨૦૨૬ |
| ચાર્જ ફરમાવ્યા તારીખ | : | તા.૨૧/૪/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | તા.૨૧/૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | |
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસી રવાન /સજા નિર્દોષ | સજા | સી.આર.પી.સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપર મુજબ | | | બી.એન.એસ.કલમ ૮૫, ૧૧૫(૨) | નિર્દોષ | -- | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | નાઝીયા યાકુબ માંજોઠી | ફરીયાદી | ૫ |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૬ | ફરીયાદ |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | |

(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | - |

## –:: ચુકાદો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદીના પતિ થાય છે અને તા.૨૮/૧૧/૨૦૨૨ થી તા.૪/૯/૨૦૨૫ દરમ્યાનના ફરીયાદી સાથેના લગ્નજીવન દરમ્યાન લગ્નના પાંચેક માસ બાદથી આરોપી ઘરની નાની નાની બાબતોમાં ફરીયાદીને મેણાંટોણાં મારી, ઉશ્કેરાઇ જઇ, અવારનવાર ધકબુસટનો માર મારી, શારીરીક માનસીક ત્રાસ આપી, ફરીયાદીને તેમના માવિત્રે રહેવા મજબુર કરી, ગુનો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદી એ દાખલ કરાવતાં પોલીસે બી.એન.એસ.કલમ ૮૫, ૧૧૫(૨) અન્વયેનો ગુનો નોધેલ છે. ત્યારબાદ ત.ક.અ.એ ગુનાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીને અટક કરી, તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઇ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને સમન્સની બજવણી થયેથી આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપીઓ વિરૂધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી, તેઓની આંક– ૪ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરતાં આરોપી વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપી બી.એન.એસ.એસ. કલમ ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો આવેલ ન હોઇ, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

(૪) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

:: મુદા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ફરીયાદીના પતિ થાય છે અને તા.૨૮/૧૧/૨૦૨૨ થી તા.૪/૯/૨૦૨૫ દરમ્યાનના ફરીયાદી સાથેના લગ્નજીવન દરમ્યાન લગ્નના પાંચેક માસ બાદથી આરોપી ઘરની નાની નાની બાબતોમાં ફરીયાદીને મેણાંટોણાં મારી, ઉશ્કેરાઈ જઈ, અવારનવાર ધકબુસટનો માર મારી, શારીરીક માનસીક ત્રાસ આપી, ફરીયાદીને તેમના માવિત્રે રહેવા મજબુર કરી, બી.એન.એસ.કલમ ૮૫, ૧૧૫(૨) મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

-:: નિર્ણયો ::-

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

-:: નિર્ણય માટેના કારણો ::-

મુદા નં. ૧:-

(૬) આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષ, આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ, સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવા જોઈએ, આ કામે જ્યારે આરોપી સામે ફરીયાદીને શારીરીક માનસીક ત્રાસ આપી, ક્રુરતા આચરી તેણી સાથે એવું ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવ્યુ હોય કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડેલ અથવા જીંદગી, શરીરના કોઈ અવયવો કે માનસિક અથવા શારીરિક જોખમોમાં મુકવા પ્રેરાય તે પ્રકારના કૃત્ય કરેલ હોવાનો આક્ષેપ છે ત્યારે, ફરીયાદપક્ષે આરોપી સામેનો

ગુન્હો સાબીત કરવા માટે સદર કલમના આવશ્યક તત્વો નિ:શંકપણે સાબીત કરવા જોઈએ.

**SECTION 85.Husband or relative of husband of a woman subjecting her to cruelty.**

Whoever, being the husband or the relative of the husband of a woman, subjects such woman to cruelty shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.

( ૬.૧ ) વધુમાં, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ની સાથે ના.ગુજરાત હાઈકોર્ટ નો Kamabhai Jadhabhai Parmar Versus State Of Gujarat – 2024 (0) AIJEL–HC 248745 નો ચુકાદો ધ્યાને લેવો જરુરી છે જેમાં ભારતીય દંડ સંહીતા ની કલમ ૪૯૮(ક) ની વિગતવાર ની ચર્ચા કરવામાં આવેલ છે.

> 21. At this stage, I would like to refer to the provision of Section 498(A) of the IPC, which reads as under, "498**A. Husband or relative of husband of a woman subjecting her to cruelty**. – Whoever, being the husband or the relative of the husband of a woman, subjects such woman to cruelty shall be punished with imprisonment for a term which may extend to three years and shall also be liable to fine.
> **Explanation. – For the purposes of this section 'cruelty' means –**
>
> > **(a) any wilful conduct** which is of such a nature as is likely to drive the woman to commit suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or physical) of the woman;
> >
> > (b) harassment of the woman where such harassment is with a view to coercing her to any person related to her to meet any unlawful demand for any property or valuable security or is on account of failure by her or any person related to her to meet such demand."
> >
> > Cruelty has been defined by the explanation added to the Section itself. The basic ingredients of Section 498A I.P.C. are cruelty and harassment.

22. Thus "**cruelty**" for the purpose of Section 498A IPC is to be established in the context of **Section 498A IPC as it may be a different from other statutory provisions. It is to be determined considering the conduct of the man, weighing the gravity or seriousness of his acts and to find out as to whether it is likely to drive the woman to commit suicide etc. It is to be established that the woman has been subjected to cruelty continuously or at least in close proximity of time of lodging the complaint. Further trivial issues cannot be termed as 'cruelty' to attract the provisions of Section 498A IPC. Not only that, causing mental torture to the extent that it becomes unbearable may be termed as cruelty**.

23. In the instant case, as the allegation of demand of dowry is not there, this Court is not concerned with clause (b) of the explanation. The elements of cruelty so far as clause (a) is concerned, have been classified as follows :
(i) any '**wilful**' conduct which is of such a nature as is likely to drive the woman to commit suicide; or
(ii) any '**wilful**' conduct which is likely to cause grave injury to the woman; or
(iii) any 'wilful' act which is likely to cause danger to life, limb or health, whether physical or mental of the woman.

24. Therefore if the facts of the case on hand are examined, in that event, it is found out that there are no continuous harassement as alleged by the witnesses. Over and above that, the prosecution has examined only interested witnesses, who would naturally deposed against the accused and the prosecution has not examined any independent witnesses like neighbours, who would have knoweldge about the situation going on. Not only that, on appreciating the evidence of prosecution witnesses, it is found out that there are major contradictions, omissions and discrepancies in the evidence of witnesses with regard to the incident of harassment meted out to the deceased and there are different version of narration of facts stated by the witnesses in their respective depositions and, hence, their evidence cannot be relied upon and the said fact is proved by the appellant on the strength of the material available on record.

25. Thus taking into consideration the aforesaid settled legal provisions, the case on hand is required to be examined. It is an admitted position of fact that FIR has been lodged by the brother of the deceased and the span of marriage life is more than 12 years and the said fact is also substantiated from the evidence of prosecution witnesses, who are relatives of the deceased. **Further, the mental or physical torture was not continuous on the part of the appellants as there was no complaint against them till the death of the deceased.**

26. Taking into consideration the observations made by the Honble Supreme Court as well as this Court in the aforesaid decisions, the submission made by learned advocate for the appellants with regard to exaggeration (improvisation) in the depositions of the prosecution witnesses is required to be considered. It is found out from the evidence available on record that learned advocate for the defence had tried to bring certain facts on record by confronting the witnesses as well as complainant about the said exaggeration (improvisation) in the story narrated by them at the time of recording their deposition but they have refused the said suggestions put forward by the defence, therefore, to filter the evidence available on record, particular phrases have been referred to the IO specifically asking that certain facts disclosed by the complainant at the time of recording the deposition, have not at all be recorded in the complaint registered before him and certain phrases mentioned in the deposition of the witnesses have not been at all in the statements recorded before him and the Investigating Officer has after examining the papers gave answer in affirmative manner. **Thus from this fact itself, it is clear that there are major exaggerations (improvisations) in the depositions of the prosecution witnesses just to rope the appellants in an offence and/or to make the offence graver,** however while examining the evidence and while delivering the impugned judgment and order of conviction and sentence, the said exaggerations (improvisation) in the evidence of the prosecution witnesses have not been at all considered by the concerned Judge.

(૭) આમ, આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી નાઝીયા યાકુબ માંજોઠીએ આંક–૫ થી સોગંદ પર જુબાની આપી જણાવેલ છે કે ૮ મહીના પહેલાં બનેલ બનાવમાં આરોપી–તેમના પતિ સાથે કામકાજ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ, જેથી મનદુ:ખ થતાં તેઓએ બનાવની ફરીયાદ આપેલ. તેમના રાજીખુશીથી છુટાછેડા થઇ ગયેલ અને અને તેઓ વચ્ચે હવે કોઈ મતભેદ નથી. તેઓ આંક–૬ થી રજુ ફરીયાદમાં તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. ફરીયાદી ફરીયાદની હકીકતને સંપુર્ણપણે સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સમર્થનકારક પુરાવો આપેલ નથી. આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થયેલ હોઇ તેઓ કેસ આગળ ચલાવવા માગતા નથી.

(૭.૩) આમ, ફરિયાદી –ભોગ બનનાર સાહેદ દ્વારા આંક–૬ ની ફરિયાદને લેશમાત્ર સમર્થન નથી જેથી આંક–૬ થી રજુ થયેલ ફરિયાદની હકીકત પુરવાર થયેલ માની શકાય નહી. જેથી ફરિયાદ પક્ષનો પુરાવો જોતાં સદરહુ કલમના આવશ્યક તત્વો સંતોષાતા નથી એટલે કે આરોપીએ ઈરાદા પુર્વક કોઈ શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) ના ગુના અંગે **નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચ દવારા 2006(1) GLR 514 "STATE OF GUJARAT vs. BHARATBHAI BALUBHAI LAD AND ORS.** ચુકાદામાં પારા–૧૨ માં ઠરાવેલ છે કે,

> “Para-12. It is settled principles of law so far as Sec. 498A I.P.C. is concerned that to constitute an offence of cruelty as explained under Sec. 498A of I.P.C., wilful conduct which is of such a nature as is likely to drive the woman to commit the suicide should be cogently established to hold the accused persons guilty of the said offence. In the instant case, there was no demand for dowry nor abetment of suicide nor cruelty to the deceased is established. Some unhappy note/incident during the short married life between the husband and the wife cannot be the circumstance to constitute an offence of cruelty or harassment within the meaning of Sec. 498A I.P.C.”

(૮) બી.એન.એસ.કલમ ૮૫ મુજબના ગુનાનો પણ આક્ષેપ છે ત્યારે, મુજબનો ગુનો ક્યારે સાબિત થયેલ ગણાય ?, તે અંગે સદરહુ ગુનાના તત્વો ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટનો **Indrasing M.Raol Versus State Of Gujarat,** 1999 (0) **AIJEL–HC** 205094 નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદરહુ ચુકાદો ધ્યાને લેવામાં આવે તો,તે ચુકાદાના પેરા–૧૬માં અનેક ચુકાદાઓની ચર્ચા કર્યા બાદ, નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

> "Para 16: ……..Whether such solitary incident can be considered to be the cruelty or harassment envisaged by Sec. 498-A of Indian Penal Code is the question posed for consideration. As made clear, hereinabove, every act of cruelty or harassment is not made a crime under Sec. 498-A. **The prosecution has to, as made clear hereinabove, establish that the cruelty or harassment was unabated, incessant and persistent and being grave in nature unbearable; and the same was with the intention to force the woman to commit suicide or to fulfil illegal demand or dowry of the husband or her in-laws.** At this stage, reference of two decisions may be made. The High Court of Bombay has also taken the same view in the case of Sarla Prabhakar Waghmare V/s. State of Maharashtra 1990 Cr. L. J. 407 observing that every harassment or every type of cruelty would not attract Sec. 498-A. **It must be established that beating and harassments was with a view to force the wife to commit suicide or fulfil illegal demands of husband or her in-laws.** The Supreme Court has also taken the same view in the case of State of Maharashtra v. Ashok Chotelal Shukla, (1997) 11 SCC 26 **observing that the prosecution has to establish that the accused committed acts of harassment or cruelty as contemplated by Sec. 498-A, and such harassment or cruelty must be the cause forcing the wife to commit the suicide.** What can be deduced from these authorities is that a solitary incident cannot be interpreted to be the sufficient evidence of cruelty or harassment attracting Sec. 498-A because in that case, incessant, persistent and sufficiently grave cruelty as is likely to drive the woman to a point of desperation leaving her with no option except to think about suicide will be absent. In other words, a single incident will not incite a woman to commit suicide the improvident act, believing that life is now not worth living. Even if in some case it incites, the same will not attract Sec. 498-A as persistency or incessancy will be lacking. **The section when envisages that cruelty or harassment must be unabated continuous or recurring and unbearable, one or two incidents casually taking place, may therefore, attract another penal provisions of I. P. Code, but will not attract Section 498-A of Indian Penal Code. What is further necessary may be elucidated."**

(૯) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદી નાઝીયા કે જેઓ શારીરીક માનસીક ત્રાસનો ભોગ બનનાર છે તેઓએ તેમની સોગંદ પરની જુબાની દરમ્યાન આરોપી સાથે ઘરકામ બાબતે ફકત બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેઓએ તેમની ઉલટ તપાસ દરમ્યાન આ કામના આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થયેલ હોઇ તેઓ કેસ આગળ ચલાવવા માગતા ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી આ કામના આરોપીએ ફરીયાદીની પુત્રી ને શારીરીક માનસીક ત્રાસ આપી, ક્રુરતા આચરી તેણી સાથે એવું ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવ્યુ હોય કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડેલ અથવા જીંદગી, શરીરના કોઈ અવયવો કે માનસિક અથવા શારીરિક જોખમોમાં મુકવા પ્રેરાય તે પ્રકારના કૃત્ય કરેલ હોય તેવુ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી પુરવાર થતું ન હોઇ, હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચીત જણાતું નથી.

(૧૦) આમ, ફરીયાદ પક્ષે તપાસેલા ઉપરોકત બનાવના મહત્વના સાહેદના પુરાવાથી કોઈ સમર્થનકારી હકીકત જણાવી ફરીયાદને સમર્થન આપેલ નથી ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતે Sh.Satish Mehra V/S Delhi Administration & Anr on 31 july, 1996 ના ચુકાદામાં કરેલ ઓબ્જર્વેશન ધ્યાને લઈ, હાલના કેસમાં પણ બનાવના મહત્વના સાહેદોએ ફરીયાદ પક્ષના કેસ ને કોઈ સમર્થન આપ્યુ ન હોઈ અને તેમના મૌખિક પુરાવાઓનુ મુલ્યાં કન કરતા આ કામના આરોપીને તેમની ઉપરના આક્ષેપિત ગુન્હા અંગે કોઈપણ સંજોગોમાં કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોઈ બાકીના સાહેદો કે જેમનો પુરાવો માત્ર સમર્થનાત્મક મુલ્ય ધરાવે છે અને મુખ્ય પુરાવાની ગેરહાજરીમાં માવ સમર્થનાત્મક મુલ્ય ધરાવતા પુરાવા ઉપર આધાર રાખીને પણ હાલના આરોપી ને કોઈપણ સંજોગોમાં કસુરવાર હરાવી શકાય તેમ ન હોઈ અત્રેની અદાલતમા રહેલા કેસોનુ ભારણ ધ્યાને લઈ તેમજ ના. કોર્ટનો તેમજ પક્ષકારોનો કિંમતી સમયનો વ્યય અટકાવવા ફરીયાદ પક્ષના અન્ય સાહેદો ને હાલના કેસમાં તપાસવામાં આવ્યા નથી.

(૧૧) આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને શારીરીક માનસીક ત્રાસ આપી, ઈજા પહોંચાડી, ક્રુરતા આચરી તેણી સાથે એવું ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવ્યુ હોય કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડેલ અથવા જીંદગી, શરીરના કોઈ અવયવો કે માનસિક અથવા શારીરિક જોખમોમાં મુકવા પ્રેરાય તે પ્રકારના કૃત્ય કરી ગુનો કરેલ હોય તેમ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે અને આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી તેમ અત્રની અદાલતનું માનવું છે જેથી **મુદા નં. ૧** નો જવાબ **નકારમાં** આપી **મુદા નં. ૨** સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧) આ કામના આરોપી સુલતાન આદમભાઇ માંજોઠી, રહે. ડી.પી.ચોક, કેમ્પ એરીયા, મુસ્તફા દુધ કેન્દ્રની બાજુમાં, ભુજ ને બી.એન.એસ.એસ. કલમ ૨૭૧(૧) અન્વયે બી.એન.એસ.કલમ ૮૫, ૧૧૫(૨) મુજબના શિક્ષાને પાત્ર એવા ગુન્હાઓમાંથી પુરતા પુરાવા ના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ.કલમ ૪૮૦ ની જોગવાઈઓ મુજબ અપીલ ના કામે અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાતરી આપતા છ માસની સમય મર્યાદા માટેના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

આ હુકમ આજ તા.૨૦, જુલાઈ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ભુજ - કચ્છ.
તા.૨૦/૭/૨૦૨૬.

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ-કચ્છ. GJ01472